Australian Government

COVID-19 VACCINATION

# તમારા AstraZeneca COVID-19 રસીકરણ પછી

છેલ્લો સુધારો: ૩૦ જુલાઇ ૨૦૨૧

## રસી વિષે

આજે તમે **COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા લીધી છે**.

આ રસી લોકોને COVID-19થી બીમાર થવાથી અટકાવી શકે છે. COVID-19 રસી એસ્ટ્રાઝેનેકામાં કોઇ જીવંત સાર્સ-કોવ-૨ (જેનાથી COVID-19 થાય છે તે વાયરસ) નથી અને તે તમને COVID-19નો ચેપ લગાડી શકતી નથી. તેમાં સ્પાઇક પ્રોટીન તરીકે ઓળખાતો સાર્સ-કોવ-૨ વાયરસના મહ્ત્વપૂર્ણ ભાગ માટેનો આનુવંશિક સંકેત છે કે જે, સામાન્ય શરદીના બિનહાનિકારક 'વાહક' વાયરસ (એડિનોવાયરસ) દ્વારા તમારા કોષોમાં લઇ જવામાં આવે છે. ત્યારબાદ તમારું શરીર સ્પાઇક પ્રોટીન બનાવે છે અને તેનો ઉપયોગ સાર્સ-કોવ-૨ વાયરસને ઓળખતા અને તેની સામે લડતાં શીખવા માટે કરે છે. એડિનોવાયરસમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેથી, એકવાર તે કોષોની અંદર જાય પછી તેની નકલો બની શકતું નથી. આનો અર્થ કે તે અન્ય કોષોમાં ફેલાય શકતા નથી અને ચેપ લગાડી શકતા નથી.

## રસીકરણ પછી શું અપેક્ષા રાખવી

બીજી કોઇ પણ રસીની જેમ જ, COVID-19 રસી મુકાવ્યા પછી તમને કેટલીક આડઅસરો થઇ શકે છે.

**COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા લીધા પછી થતી સામાન્ય** આડઅસરોમાં **નીચેનાનો** સમાવેશ થાય છે:

- ઇંજેક્શન આપ્યું હોય તે જગ્યાએ દુખાવો, સોજો, કળતર, લાલાશ અથવા ખંજવાળ
- થાક લાગવો
- માથું દુખવું
- સ્નાયુઓમાં કળતર

- ઉબકા
- તાવ અને ઠંડી લાગવી
- અસ્વસ્થ અનુભવવું
- સાંધામાં દુખાવો.

**COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા લીધા પછી થતી ઓછી સામાન્ય** આડઅસરોમાં **નીચેનાનો** સમાવેશ થાય છેઃ

- વિસ્તૃત લસિકા ગ્રંથીઓ
- અંગમાં પીડા
- ચક્કર આવવા
- ઓછી ભૂખ લાગવી
- પેટમાં દુખાવો.

સામાન્ય રીતે આ આડઅસરો હળવી હોય છે. રસી મુકાયેલ લગભગ બે તૃતીયાંશ લોકોને આવી આડઅસર અનુભવાય છે, રસીકરણ પછીના એક દિવસની અંદર તે શરૂ થાય છે અને સામાન્ય રીતે એક કે બે દિવસમાં મટી જાય છે.

અન્ય સામાન્ય રસીકરણની તુલનામાં આ રસીકરણથી કેટલાક લોકોને વધુ નોંધપાત્ર ફ્લુ જેવા લક્ષણોનો અનુભવ થશે અને સામાન્ય પ્રવૃત્તિઓથી દૂર રહી થોડો સમય આરામ કરવાની જરૂર પડી શકે છે. બીજા ડોઝની તુલનામાં આ લક્ષણો પ્રથમ ડોઝ પછી થઇ શકવાની શક્યતા વધુ છે.

જો તમને રસીકરણ પછી પહેલા ૧-૨ દિવસમાં ઇંજેક્શન આપ્યું હોય તે જગ્યાએ દુખાવો, તાવ, માથું દુખવું અથવા શરીરમાં કળતર થાય તો તમે, પેરાસિટામોલ લઇ શકો છો. તે ઉપરોક્ત અમુક લક્ષણો ઘટાડવામાં મદદ કરે છે. તમારે રસીકરણ પહેલાં પેરાસિટામોલ અથવા આઇબુપ્રોફેન લેવાની જરૂર નથી. જો ઇંજેક્શન આપ્યું હોય તે જગ્યાએ સોજો હોય તો તમે ત્યાં બરફ લગાડી શકો છો.

**COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા** લીધા પછી નોંધાયેલ **જૂજ** આડઅસરોઃ

- ગંભીર પ્રતિફળ પ્રતિક્રિયા (એનાફલાક્સિસ):
  - COVID-19 રસી એસ્ટ્રેઝેનેકા લીધા પછી થતી એનાફલાક્સિસ ખૂબ જ જવલ્લે જ થાય છે. ઓસ્ટ્રેલિયામાં તેનો દર અન્ય રસીઓ જેટલો જ જણાય છે.
- થ્રોમ્બોસાઇટોપેનિયા સિન્ડ્રોમ (ટીટીએસ) સાથે થ્રોમ્બોસિસ નામની સ્થિતિ, જેમાં લોહી ગંઠાવવું (થ્રોમ્બોસિસ) અને ત્રાક કણો (પ્લેટલેટ્સ)નું નીચું સ્તર (થ્રોમ્બોસાઇટોપેનિયા) સામેલ છે:
  - ઓસ્ટ્રેલિયા અને વિદેશમાંથી આવતી માહિતીઓ દર્શાવે છે કે ટીટીએસ જવલ્લે થતી તકલીફ છે
  - લોહીના ગઠ્ઠા શરીરના વિવિધ અંગોમાં થઇ શકે છે, જેમાં મગજ (આને સેરેબ્રલ વેનસ સાઇનસ થ્રોમ્બોસીસ કહેવામાં આવે છે) અને પેટ (કે જેને ઇડિયોપેથિક સ્પ્લેન્કિનક વેઇન થ્રોમ્બોસિસ)

કહેવામાં આવે છે, નો સમાવેશ થાય છે. લોહીમાં પ્લેટલેટનું નીચું સ્તર રક્તસ્રાવનું કારણ બની શકે છે.

  - આ તકલીફના લક્ષણો રસીકરણના ૪થી ૪૨ દિવસની આસપાસ થાય છે.
  - આ તકલીફવાળા લોકો ખૂબ જ અસ્વસ્થ હોય છે અને તેમને હોસ્પિટલમાં જવાની જરૂર પડે છે. આ તકલીફ લાંબાગાળીની વિકલાંગતા અને મૃત્યુ તરફ દોરી શકે છે.
  - ટીટીએસ પર વધુ માહિતી એસ્ટ્રાઝેનેકા COVID-19 રસી અને ટીટીએસ વિષે દર્દી માટેની માહિતી પત્રિકામાં મળી શકે છે.

**જો તમને નીચેનું લાગુ પડતું હોય તો, રસીકરણ પછી તમારે તબીબી સલાહ લેવી જોઇએ:**

- જો તમને લાગે કે તમે પ્રતિકૂળ પ્રતિક્રિયા અનુભવી રહ્યા છો. જો તમે શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં સસણી બોલવી, ઝડપી ધબકારા અથવા લથડિયા ખાવા જેવા ગંભીર લક્ષણો અનુભવતાં હોવ તો, 000 પર ફોન કરો.
- તમે રસીની અપેક્ષિત આડઅસર અનુભવો છો કે જે થોડા દિવસ પછી પણ દૂર નથી થઇ.
- જો તમને નીચેનામાંથી કોઇ પણ લક્ષણો, ખાસ કરીને રસીકરણના ૪થા થી ૪૨ દિવસની આસપાસ જણાય:
  - માથાનો દુખાવો છે કે જે રસીકરણના ૪૮ કલાક પછી પણ રહે છે, અથવા રસીકરણના ૪૮ કલાક પછી શરૂ થાય છે. સાદી દર્દનાશક (પેઇનકિલર)દવાથી શરૂઆતમાં માથાનો દુખાવો ઓછો થાય છે, પરંતુ દુખાવો રહે છે
  - ઝાંખુ દેખાવું
  - ચહેરા અથવા અંગોની નબળાઇ
  - મૂંઝવણ અથવા મૂર્છા આવવી.
  - હાંફ ચઢવો
  - છાતીમાં દુખાવો
  - પેટમાં સતત દુખાવો
  - પગમાં સોજો
  - ઇન્જેક્શન આપ્યું ન હોય તેવા ભાગમાં સમજાવી ન શકાય તેવું સોય વાગી હોય તેવી ફોડકી અથવા ઉઝરડા.

ખાતરી કરો કે તમે, તમારા દાક્તરને જણાવ્યું કે તમે તાજેતરમાં રસી લીધી છે. તાત્કાલિક સારવારની જરૂર ન હોય તેવા લક્ષણો માટે તમારા નિયમિત આરોગ્ય સંભાળ પ્રદાતા (સામાન્ય રીતે તમારા જીપી) ને મળી શકો છો.

## રસી સલામતી દેખરેખ અને આડઅસરોની જાણ

તમે તમારા રસીકરણ પ્રદાતાને અથવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાને શંકાસ્પદ આડઅસરોની જાણ કરી શકો

છો. પછી તેઓ તમારા રાજ્ય અથવા પ્રદેશના આરોગ્ય વિભાગને અથવા સીધી થેરાપ્યુટિક ગુડ્ઝ એડમિનિસ્ટ્રેશન (ટીજીએ)ને તમારા વતી ઔપચારિક અહેવાલ મોકલશે.

જો તમે જાતે જાણ કરવાનું પસંદ કરતા હોવ તો, ટીજીએની વેબસાઇટની મુલાકાત લો અને તે પૃષ્ઠ પરની સૂચનાઓનું પાલન કરો: https://www.tga.gov.au/reporting-suspected-side-effects-associated-covid-19-vaccine.

## રસીકરણ પછી COVID-19 પરિક્ષણ

COVID-19 રસીકરણની કેટલીક આડઅસરો, COVID-19ના લક્ષણો જેવી હોય શકે છે (જેમ કે તાવ). જો કે COVID-19 રસી એસ્ટ્રાઝેનેકામાં કોઇ પણ જીવંત સાર્સ-કોવ-૨ વાયરસ નથી અને તે COVID-19નો ચેપ લગાડી શકે નહિં. તમારે COVID-19 પરિક્ષણ અથવા આઇસોલેટ થવાની જરૂર ન પણ હોય:

- જો તમને રસીકરણ પછીના પ્રથમ બે દિવસમાં તાવ, માથાનો દુખાવો અથવા થાક લાગવો જેવા સામાન્ય લક્ષણો ઊભા થાય અને
- તમને ખાતરી હોય કે તમને શ્વસનતંત્રના લક્ષણોનો (જેવા કે નાકમાંથી પાણી નીકળવું, ખાંસી, ગળામાં દુખાવો, ગંધ અને સ્વાદની ભાવના ગુમાવવી) અનુભવ થતો નથી.

જો કે સૌથી અદ્યતન માહિતી માટે તમારે તમારા રાજ્ય/પ્રદેશની વર્તમાન માર્ગદર્શિકા તપાસવી જોઇએ. તમારા સ્થાનિક વિસ્તારમાં COVID-19 ફાટી નીકળવાની સ્થિતિમાં આ સલાહ બદલાઇ શકે છે. જો તમે અન્ય માપદંડો પૂર્ણ કરતાં હોવ, ઉદાહરણ તરીકે, જો તમે જાણીતા COVID-19 કેસના નજીકના સંપર્કમાં આવ્યા હોવ તો, તમારે હજી પણ COVID-19 પરિક્ષણ કરાવવાની જરૂર પડી શકે છે. જો શંકા હોય તો, તબીબી તપાસ કરાવો.

## તમારી (રસી લેવા માટેની) બીજી મુલાકાત યાદ રાખો

૧૨ અઠવાડિયાને અંતરે તમે COVID-19 રસી એસ્ટ્રાઝેનેકાના બે ડોઝ લો તે અગત્યનું છે. અમુક સંજોગોમાં બે ડોઝ વચ્ચેનો સમયગાળો ૧૨ અઠવાડિયાથી ઘટાડવો, પરંતુ ૪ અઠવાડિયાથી ઓછો ન હોય, યોગ્ય હોય શકે છે. બીજા ડોઝ તમને COVID-19 સામે વધુ સારું રક્ષણ પ્રદાન કરશે.

## તમે તમારી મુલાકાતના સમયે આપેલ માહિતીનો ઉપયોગ કેવી રીતે થાય છે

તમારી અંગત માહિતીને કેવી રીતે એકત્રિત, સંગ્રહ અને ઉપયોગ કરવામાં આવે છે તેની માહિતી મેળવવા https://www.health.gov.au/using-our-websites/privacy/privacy-notice-for-covid-19-vaccinationsની મુલાકાત લો.